Seat No.:____ Enrolment No.:____

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 4 (NEW) – EXAMINATION – Winter-2023**

**Subject Code: 4340003** **Date: 12-01-2024**

**Subject Name: Integrated Personality Development Course**

**Time: 02:30 PM TO 05:00 PM** **Total Marks: 70**

**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of programmable & Communication aids are strictly prohibited.**
5. **Use of non-programmable scientific calculator is permitted.**
6. **English version is authentic.**

## Section A

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

***Marks: 10***

1. 'Live every day as your last'. This thought allows us to prioritize our life and achieve those things that are more important sooner.

   A: True B: False

   'આજનો દિવસ મારો છેલ્લો દિવસ છે, એમ માનીને દરરોજ જીવો'. આ વિચાર આપણને આપણા જીવનનાં અગત્યનાં કાર્યોને પ્રધાનતા આપવામાં અને તે કાર્યોને ઝડપથી પૂરાં કરવામાં મદદરૂપ થાય છે.

   a. સાચું b. ખોટું

2. Excessive social media usage has been critically linked to loneliness and depression within youth.

   A: True B: False

   સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ યુવાનોને હતાશા અને એકલતા તરફ દોરી જાય છે.

   a. સાચું b. ખોટું

3. Though a Legend may not be present physically, their value-based life can serve as an inspiration for others.

   A: True B: False

મહાન લોકો ભૌતિક રૂપે હાજર ન હોવા છતાં, તેમનું મૂલ્ય આધારિત જીવન અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની રહે છે.

a. સાચું b. ખોટું

4. A good listener will be able to understand how the speaker is feeling.

A: True B: False

વક્તા કેવું અનુભવે છે તે એક સારો શ્રોતા સમજી શકે છે.

a. સાચું b. ખોટું

5. Within the circle of influence, there are things that you can control.

A: True B: False

તમે ક્ષમતાના વર્તુળ (Circle of influence)ની અંદર રહેલ બાબતોને કંટ્રોલ કરી શકો છો.

a. સાચું b. ખોટું

6. The Vedic text, Baudhāyana Shulba Sutra, contains surgical techniques like the heart bypass surgery.

A: True B: False

પ્રાચીન ગ્રંથ એવા બૌધાયન શુલ્બસૂત્રમાં હાર્ટ બાયપાસ જેવી અનેક શસ્ત્રક્રિયાઓનો (સર્જરીનો) ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

a. સાચું b. ખોટું

7. Julius Caesar learnt Sanskrit so he could study the Bhagavad Gita and ancient Indian texts.

A: True B: False

જુલિયસ સીઝર સંસ્કૃત શીખ્યો જેથી તે ભગવદ્ગીતા અને પ્રાચીન ભારતીય ગ્રંથોનો અભ્યાસ કરી શક્યો.

a. સાચું b. ખોટું

8. Dr Abdul Kalam's academic intelligence was the only reason for his success.

A: True B: False

ડૉ.અબ્દુલ કલામની શૈક્ષણિક બુદ્ધિ એ તેમની સફળતાનું એકમાત્ર કારણ હતું.

a. સાચું b. ખોટું

9. Principles of project management make it harder to plan in advance.

A: True B: False

પ્રોજેક્ટ-મેનેજમેન્ટના સિદ્ધાંતોથી પૂર્વઆયોજન મુશ્કેલ બને છે.

a. સાચું b. ખોટું

10. Seva means to serve individuals with the expectation of praise and rewards

    A: True B: False

    સેવા એટલે પ્રશંસા અને ઇનામ મેળવવાની ભાવના સાથે કોઈક વ્યક્તિને કરેલી મદદ.

    a. સાચું b. ખોટું

**Section B**

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

***Marks: 30***

11. Which of these people had the following thought that led to their success – "What happens if you divide 0 by 0?"

a. Srinivasa Ramanujan

b. Isaac Newton

c. Albert Einstein

d. Abdul Kalam

"શૂન્યને શૂન્ય વડે ભાગવાથી શું પરિણામ આવે?" નીચેનામાંથી કોને આ વિચાર તેમની સફળતા તરફ દોરી ગયો?

a. શ્રીનિવાસ રામાનુજન્ (Srinivasa Ramanujan)

b. આઇઝેક ન્યુટન (Isaac Newton)

c. આલ્બર્ટ આઇન્સ્ટાઇન (Albert Einstein)

d. અબ્દુલ કલામ (Abdul Kalam)

12. To adapt to new circumstances, changes are essential. This is explained in the lecture using

    Which example?

    a. Mahindra

    b. Ford

    c. Honda

    d. Toyota

નવી પરિસ્થિતિ સાથે અનુકૂળ થવા માટે પરિવર્તન આવશ્યક છે. આ કયા ઉદાહરણ દ્વારા લેક્ચરમાં સમજાવાયું છે?

a. મહિન્દ્રા

b. ફોર્ડ

c. હોન્ડા

d. ટોયોટા

13. During the 1999 ICC World Cup, Sachin Tendulkar's father passed away, at that time he ______.

a. Become emotionally unstable.

b. Was unable to continue playing in the world cup.

c. Refused to attend his father's final rites and continued to play cricket.

d. Maintained balance of mind.

૧૯૯૯ના આઈસીસી વર્લ્ડ કપ દરમિયાન, સચિન તેંડુલકરના પિતાનું નિધન થયું હતું, તે સમયે તે ___.

a. ભાવનાત્મક રીતે અસ્થિર બન્યો હતો.

b. વર્લ્ડકપની બાકીની મૅચ રમ્યો ન હતો.

c. પિતાની અંતિમ વિધિમાં હાજર ન રહ્યો અને ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું.

d. મનનું સંતુલન જાળવ્યું.

14. What should a person do while listening to someone?

a. Think about what to do after the conversation

b. Make it look like they are listening

c. Brainstorm on homework

d. Give full attention to the speaker

કોઇ વ્યક્તિને સાંભળતી વખતે શું કરવું જોઇએ?

a. વાર્તાલાપ પછી શું કરીશ, તે વિશે વિચારવું.

b. હું સાંભળી રહ્યો છું તેવું દર્શાવવું.

c. પોતાના કાર્યમાં જ મન લગાવવું.

d. વક્તા તરફ સંપૂર્ણ ધ્યાન આપવું.

15. "छादयतत शशी सूयं, शशशनं महती च भूच्छाया" This Sanskrit shloka is the scientific explanation of which theory?

a. Earth's Gravity

b. Solar and Lunar Eclipses

c. Calculation of Pi

d. Pythagorean theorem

“छादयति शशी सूर्यं, शशिनं महती च भूच्छाया।” આ સંસ્કૃત શ્લોક કયા વૈજ્ઞાનિક સિધ્ધાંતને વર્ણવે છે?

a. ગુરુત્વાકર્ષણ

b. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ

c. પાઇ(π)ની ગણતરી

d. પાઈથાગોરસ પ્રમેય

16. Which of the following was NOT achieved by Dr Abdul Kalam?

a. Bharat Ratna Award

b. Padma Shri Award

c. The name: ‘The People’s President’

d. 48 Honorary Doctorates

ડૉ. અબ્દુલ કલામે નીચેનામાંથી શું મેળવ્યું નથી?

a. ભારત-રત્ન

b. પદ્મશ્રી

c. 'લોકોના રાષ્ટ્રપતિ' ('The People's President') નો ખિતાબ

d. ડોક્ટરેટની ૪૮ માનદ પદવીઓ

17. What kind of person is NOT effective at networking?

a. Someone who is good at listening

b. Someone who is good at asking the right questions

c. Someone who stays in touch only when they need something

d. Someone who is sincere

કયા પ્રકારના વ્યક્તિ નેટવર્કિંગમાં અસરકારક ન ગણાય?

a. જે સારા સાંભળનાર હોય

b. જે યોગ્ય સવાલો પૂછવામાં કુશળ હોય

c. જે ત્યારે જ કોઈના સંપર્કમાં આવે, જ્યારે તેમને કોઈ જરૂરિયાત હોય
d. જે નિષ્ઠાવાન હોય

18. Management, in any field, brings forth which of the following?

a. Optimal results with minimal effort

b. Minimal results with optimal efforts.

c. Hard work with no results

d. No work with no results

કોઈપણ ક્ષેત્રમાં મેનેજમેન્ટ લાગુ કરવાથી નીચેનામાંથી શું મેળવી શકાય?
a. ન્યૂનતમ પ્રયત્નો સાથે શ્રેષ્ઠ પરિણામો
b. શ્રેષ્ઠ પ્રયત્નો સાથે ન્યૂનતમ પરિણામો
c. ખૂબ પ્રયત્નો છતાં કોઈ પરિણામ નહીં
d. કોઈ પ્રયત્નો પણ નહિ અને કોઈ પરિણામ પણ નહિ

19. Which one of the following activities is harmful?

a. Avoidance of phone usage in the middle of the night

b. Spending more than 5 hours a day on the phone

c. Prevention of the misuse of social media

d. Turning your phone on airplane mode while studying

નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ હાનિકારક છે?
a. રાત્રી દરમ્યાન મોબાઈલ ફોનથી દૂર રહીએ
b. દિવસના ૫ કલાકથી વધુ સમય ફોન પર વિતાવવો
c. સોશિયલ મીડિયાનો બિનજરૂરી ઉપયોગ ન કરવો
d. અભ્યાસ કરતી વખતે તમારા ફોનને Airplane mode પર રાખવો

20. The human brain has approximately how many neurons?

a. 100 billion neurons

b. 200 billion neurons

c. 100 million neurons

d. 200 million neurons

માનવ મગજમાં કેટલા ન્યુરોન હોય છે?

a. ૧૦૦ અબજ ન્યુરોન્સ (૧૦૦ બિલિયન ન્યુરોન્સ)

b. ૨૦૦ અબજ ન્યુરોન્સ (૨૦૦ બિલિયન ન્યુરોન્સ)

c. ૧ અબજ ન્યુરોન (૧૦૦૦ મિલિયન ન્યુરોન્સ)

d. ૨ અબજ ન્યુરોન (૨૦૦૦ મિલિયન ન્યુરોન્સ)

21. Fill in the blanks with the correct words from the following quote: " Having someone to love is ____ , having somewhere to go to is____ , having both is ____."

a. family, home, a blessing

b. lovely, friendly, comfort

c. good, great, fantastic

d. rare, lucky, a wish fulfilled

વર્કબુક પ્રમાણે નીચે આપેલા અવતરણમાંથી સાચા શબ્દોથી ખાલી જગ્યા ભરો: "પ્રેમ કરવા માટે __ અને રહેવા માટે __, આ બંને હોવું એ ______ છે."

a. ઘર, પરિવાર, સદ્ભાગ્ય

b. મિત્ર, મકાન, નસીબ

c. માતા, મકાન, નસીબ

d. પરિવાર, ઘર, સદ્ભાગ્ય

22. According to the IPDC workbook, family get-togethers should take place at least:

a. Once every week

b. Once every month

c. Once every year

d. Once every 2 years

વર્કબુક મુજબ, પારિવારિક મિલન (Family get-together) ઓછામાં ઓછું કેટલીવાર થવું જોઈએ:

a. દર અઠવાડિયે એકવાર

b. દર મહિને એકવાર

c. દર વર્ષે એકવાર

d. દર ૨ વર્ષે એકવાર

23. Which Indian medical researcher developed the world's first organ regeneration technique?

a. Balkrishna Matapurkar
b. Ashima Anand
c. Subrata Adak
d. Srinivasa Ramanujan

કયા ભારતીય તબીબી સંશોધનકારે દુનિયાની સૌપ્રથમ ઓર્ગન રિજનરેશન ટેકનિક વિકસાવી છે?

a. બાલકૃષ્ણ માતાપુરકર (Balkrishna Matapurkar)
b. અસીમા આનંદ (Ashima Anand)
c. સુબ્રતા અદાક (Subrata Adak)
d. શ્રીનિવાસ રામાનુજન (Srinivasa Ramanujan)

24. According to the workbook, which of these does NOT lead us to failure?

a. Self-doubts
b. Fear of failure
c. Finding support
d. Making excuses

વર્કબુક મુજબ, આમાંથી કયું પરિબળ આપણને નિષ્ફળતા તરફ દોરી જતું નથી?

a. શંકાઓ
b. નિષ્ફળતાનો ભય
c. સહાયતાની શોધ
d. બહાના બનાવવા

25. Complete the following quote from the workbook: "Life is 10% what happens to us and 90% _____"

a. What happens to others
b. How we feel
c. Having fun
d. How we respond to it

વર્કબુકમાંથી નીચે આપેલાં વિધાનને પૂર્ણ કરો:
"જીવનમાં આપણી સાથે શું બને છે એનું મહત્ત્વ માત્ર ૧૦% છે, અને ૯૦% _____ તેના ઉપર છે."

a. બીજા લોકો સાથે શું થાય છે.
b. આપણે શું અનુભવીએ છીએ?
c. આનંદ કરીએ.
d. આપણે કેવો પ્રતિભાવ આપીએ છીએ?

## Section C

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Read each question carefully before answering. Apply what you have learnt from the IPDC lectures and workbook to choose the best option.*

***Marks: 30***

26. After being stuck in quarantine for 6 months, Manohar has not been able to take his usual journey to college. For the last 6 months, his usual routine consists of waking up at 11 AM, watching a movie, taking a nap, and then studying through the whole night while eating the fast food that he ordered online. Unfortunately, despite his hard efforts, he is finding it harder to concentrate while studying and he is feeling more tired than usual. Manohar explains his confusion to you, what do you think is the best way to advise him?

a. Do not worry, you are genuinely trying your best. Once college opens again, everything will go back to normal and you will see the fruit of your hard effort.

b. Do not worry, you are trying your best. But you should consider exercising and eating healthier. You know what they say, a healthy body makes a healthy mind.

કોરોનાને લીધે છ મહિના સુધી ઘરમાં પુરાઈ રહેવાને લીધે રવિ કોલેજના ઓનલાઇન ક્લાસ નહોતો ભરી શકતો. સવારે ૧૧ વાગે ઊઠવું, ફિલ્મો જોવી, ઊંઘ્યા કરવું, અને આખી રાત બહારથી મંગાવેલું ફાસ્ટ ફૂડ ખાતાં-ખાતાં ભણવું, તે જ છેલ્લા છ મહિનાથી તેનો રોજિંદો ક્રમ બની ગયો હતો. જેને પરિણામે તે પ્રયત્ન કરવા છતાં ભણવામાં ધ્યાન આપી શકતો ન હતો અને વધારે થાકનો અનુભવ કરતો હતો. રવિ જો તમારી પાસે આ મુશ્કેલી રજૂ કરે તો તમે તેને શું સલાહ આપશો?
a. ચિંતા કરવાની જરૂર નથી. તું પ્રામાણિકપણે પ્રયત્ન તો કરે જ છે. જ્યારે કોલેજ ફરીથી ખૂલશે અને પરિસ્થિતિ પહેલાં જેવી સામાન્ય થઈ જશે ત્યારે તને તારી મહેનતનું ફળ જરૂર મળશે.
b. ચિંતા કરવાની જરૂર નથી. તું પ્રયત્ન તો પ્રામાણિકપણે કરે જ છે. પણ તારે થોડી કસરત કરવી જોઈએ અને ઘરનું શુદ્ધ જમવું જોઈએ. કહેવાય છે ને કે શરીર તંદુરસ્ત તો મન તંદુરસ્ત.

27. Two weeks ago, Abdul submitted his scientific research paper for his first review. Due to the lack of support from his appointed research partner, Abdul had to rush the result analysis. Today, when he went to collect feedback, his Professor responded only with harsh criticism for his work. How do you think Abdul should handle the situation, going forward?

a. He should ignore the Professor's harsh tone and keep trying amidst the difficult circumstances.

b. He should try and use that criticism to improve his research paper

બે અઠવાડિયા પહેલાં અબ્દુલે વિજ્ઞાન સંબંધી તેના સંશોધનને લગતું પેપર પ્રથમ સમીક્ષા માટે જમા કરાવ્યું. આ સંશોધનમાં તેની સાથે કામ કરતા સાથી મિત્ર તરફથી તેને કામમાં પૂરતો સહયોગ ન મળતાં છેલ્લી ઘડીએ ખૂબ દોડાદોડી થઈ. આજે જ્યારે તે તેના પ્રાધ્યાપક પાસે ફિડબેક (સૂચનો) લેવા ગયો ત્યારે તેમણે કડક શબ્દોમાં આલોચના કરી. આ પરિસ્થિતિમાં અબ્દુલે કેવી રીતે આગળ વધવું જોઈએ?

a. તેણે પ્રાધ્યાપકનાં કઠોર વચનોને અવગણીને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રયત્નપૂર્વક મંડ્યા રહેવું જોઈએ.

b. તેણે તે આલોચનાનો ઉપયોગ કરી તેના સંશોધનકાર્યને સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.

28. Dhaval has been visiting the cricket nets every day to practice for the upcoming regional trials in a few days. He feels confident in his ability and expects to gain a spot in the regional cricket team. Upon his regular visits, he gets familiar with another youth called Raj. Upon talking, Dhaval finds out that Raj is also applying for the trials. Raj requests Dhaval to give him some guidance on his batting style. Dhaval is not sure whether to help him or not, because competition is already high and Raj seems naturally talented. What do you think Dhaval should do?

a. Dhaval should try his hardest to assist Raj to improve his batting technique.

b. Dhaval should give Raj a few general tips before leaving to focus on his own technique.

ધવલ, થોડા દિવસમાં ક્ષેત્રિય સ્તરે યોજાઈ રહેલી સ્પર્ધા માટે દરરોજ ક્રિકેટનેટમાં પ્રેક્ટિસ (અભ્યાસ) કરવા જાય છે. તેને તેની ક્ષમતા પર પૂરો વિશ્વાસ છે અને ક્ષેત્રિય ટીમમાં સ્થાન મેળવવા ઇચ્છે છે. આ દરમ્યાન તે ‘રાજ’ નામના બીજા યુવકના પરિચયમાં આવે છે, જે પણ તેની જેમ પ્રેક્ટિસ માટે આવે છે. વાત કરતાં તેને જાણવા મળે છે કે રાજ પણ ક્ષેત્રિય સ્પર્ધામાં ભાગ લેવાનો છે. પોતાની બેટિંગ સ્ટાઈલ સુધારવા રાજ ધવલ પાસે સલાહ-સૂચનો માંગે છે. ધવલ અસમંજસમાં આવી જાય છે. તે નક્કી નથી કરી શકતો કે તેણે રાજને મદદ કરવી જોઈએ કે નહીં. કારણ કે ગળાકાપ સ્પર્ધા છે, અને પાછો રાજ પ્રતિભાશાળી પણ છે. તમારા વિચાર મુજબ ધવલે શું કરવું જોઈએ?

a. રાજની બેટિંગ સ્ટાઈલ સુધરે તે માટે ધવલે પોતાથી બને તેટલી રાજને મદદ કરવી જોઈએ.
b. ધવલે રાજને થોડાં સામાન્ય સૂચનો આપી અને પછી પોતાની ટેકનિક પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

29. Shilpa has had a difficult day at school and wants to talk to her cousin, Kinjal, about it. They have sat down in the sitting room and Kinjal is listening to Shilpa. During the conversation. Kinjal sees that her friend, Meena, is calling her phone, probably to discuss next week’s shopping trip. What should Kinjal do now?

a. Kinjal should tell Shilpa to wait so she can answer her phone and talk to Meena. Shilpa is going to be at the house for the whole day so they can talk after the phone call.

b. Kinjal should ask Meena to call her later during the day and then give Shilpa her full attention.

શિલ્પાનો આજનો દિવસ શાળામાં ખરાબ રહ્યો. તે વિષે તેની બહેન કિંજલ સાથે તે વાત કરવા માગતી હતી. બન્ને એક ઓરડામાં બેઠાં અને કિંજલ શિલ્પાની વાત સાંભળે છે. એ જ વખતે કિંજલની મિત્ર મીના, આવતા અઠવાડિયામાં ખરીદી કરવા જવા માટેની ચર્ચા કરવા ફોન કરે છે. તો અત્યારે કિંજલે શું કરવું જોઇએ ?

a. કિંજલે શિલ્પાને વાત કરતી અટકાવી ફોન પર મીના સાથે વાત કરી લેવી જોઇએ. શિલ્પા તો એમ પણ આખો દિવસ તેની સાથે ઘરે જ છે તો ફોન પછી પણ શિલ્પા સાથે વાત કરી શકે.

b. કિંજલે મીનાને થોડા સમય પછી ફોન કરવા કહેવું જોઇએ, જેથી શિલ્પાની વાત પર પૂરતું ધ્યાન આપી શકે.

30. Mac coaches his local soccer team. During the regional tournament, his team lost 3 matches in a row. What do you think Mac should do to help his team?

a. Mac will explain to his team that, " Those 3 teams were the toughest in the region. So, it was surely going to be a challenge to play them. But in the next game, it will be easy for us to win. So do not worry about our losses."

b. Mac will review the mistakes that his team members made while playing. He will have both one-to- one and group meetings with his team members, to convey the tactics they need to use to improve.

મેક એક સ્થાનિક ફૂટબોલ ટીમનો પ્રશિક્ષક (કોચ) છે. ક્ષેત્રિય સ્પર્ધામાં તેની ટીમ સતત ત્રણ મેચ હારી ગઈ. તમારા વિચાર પ્રમાણે સમીરે તેની ટીમને મદદ કરવા શું કરવું જોઇએ?

a. મેક એ તેની ટીમને કહેવું જોઇએ કે, ત્રણે ટીમ આ ક્ષેત્રની સૌથી મજબૂત ટીમ છે, એટલે તેમની સામે રમવું એક મોટો પડકાર છે. પણ હવે પછીની રમત આપણા માટે સરળ હશે અને આપણે તે જીતી જઇશું, તો હારની ચિંતા ના કરો.

b. રમતી વખતે તેની ટીમે જે જે ભૂલો કરી, તેની મેક સમીક્ષા કરશે. તે દરેક ખેલાડી સાથે અલગ-અલગ તથા સમૂહમાં એમ બન્ને રીતે મિટિંગ કરી ખેલાડીઓને તેમની રમત સુધારવા અંગે સૂચનો આપશે અને ટેકનિક બતાવશે.

31. As a result of his good exam performance, Kirtan recently gained admission to a prestigious college. But upon exploring the college environment, he sees that most of the students are intelligent, wealthy and speak fluent English. Kirtan, coming from a lesser advantaged background, feels that he does not belong in this environment. What do you think Kirtan should do?

a. Kirtan should remember that he has earned the right to admission through his academic ability. He should focus on working hard and not on his background.

b. Kirtan needs to be more like the other students. If he starts wearing fancy clothes and copies the speaking style of the other students, then he will feel more comfortable.

પરીક્ષામાં સારું પરિણામ મળવાને કારણે કીર્તને એક પ્રતિષ્ઠિત કોલેજમાં પ્રવેશ મેળવ્યો. કોલેજની મુલાકાત લેતાં તેને લાગ્યું કે, અહીં તો બધા વિદ્યાર્થીઓ બહુ જ હોશિયાર છે, વળી પૈસાદાર પણ છે અને સરળતાથી અંગ્રેજીમાં વાતો પણ કરે છે. આથી, કીર્તનને એવું લાગવા માંડે છે કે પોતે એક સામાન્ય ઘરમાંથી (રૂઢિચુસ્ત માહોલમાંથી) આવે છે અને પોતે બીજા લોકો સાથે નહીં ભળી શકે. તમારા વિચાર પ્રમાણે કીર્તને શું કરવું જોઇએ?

a. કીર્તને એ ન ભૂલવું જોઇએ કે તેની શૈક્ષણિક લાયકાતને આધારે તેને અહીં પ્રવેશ મળ્યો છે. તેણે સખત મહેનત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ, નહીં કે ભૂતકાળમાં તેને મળેલા વાતાવરણ ઉપર.

b. કીર્તને બીજા વિધાર્થી જેવા બનવા પ્રયન્ત કરવો જોઇએ. જો તે આધુનિક વસ્ત્રો પહેરે અને બીજા વિધાર્થીઓની વાતચીત કરવાની ઢબ અપવાને તો તેને કોલેજના માહોલમાં સાનુકૂળતા રહેશે.

32. Riya has been invited to this year's National Youth Summit. As a medical student, she has been asked to prepare her view on the future of India and its medical practitioners. She is trying to decide which message she should convey. What do you think is the best option:

a. Youths should contribute to India by becoming doctors. Being a doctor means you can become wealthy and reputable.

b. Youths should contribute to India by becoming doctors. Being a doctor means you can serve your country by helping its citizens.

રીયાને આ વર્ષનાં રાષ્ટ્રીય યુવા સંમેલનમાં આમંત્રિત કરવામાં આવી છે. એક તબીબીશાખાની વિધાર્થિની તરીકે તેને ભારતનું ભવિષ્ય અને તેનાં તબીબી વ્યાવસાયિકો પર પોતાનાં મંતવ્યો રજૂ કરવા કહેવાયું છે. તેણે કયો સંદેશ આપવો જોઇએ તે અંગે તે દ્વિધામાં છે. તમારા મતે કયો વિકલ્પ ઉત્તમ છે?

a. યુવાનોએ તબીબ બની ભારતના વિકાસમાં યોગદાન આપવું જોઇએ. તબીબ બનવાથી તમે પૈસા અને પ્રતિષ્ઠા બંને કમાશો.

b. યુવાનોએ તબીબ બની ભારતના વિકાસમાં યોગદાન આપવું જોઇએ. તબીબ બનવાથી તમે તમારા દેશવાસીઓનું દુઃખ દૂર કરી દેશની સેવા પણ કરી શકશો.

33. Jenish works as a computer engineer for an upcoming technology company. His manager has set him the task to update an important function for a developing product. From the requirements given by the manager, Jenish predicts that it will take him at least 10 days to finish it. But his manager has challenged him to complete it in 4 days. How should Jenish react to such a request?

a. Jenish should tell the manager that 4 days is impossible, but he will deliver it in 10 days.

b. Jenish should meet his manager's challenge and try his hardest to try and complete it in 4 days.

જેનિશ એક ડેવલોપિંગ ટેકનોલોજીકલ કંપનીમાં કોમ્પ્યુટર એન્જિનિયર તરીકે કામ કરે છે. તેનાં મેનેજરે તેને એક ઉત્પાદનના આધુનિકીકરણનું મહત્ત્વનું કામ સોંપ્યું. જેનિશે વિચાર્યું કે, તે ૧૦ દિવસમાં સોંપેલ કામ પૂર્ણ કરી દેશે. પણ તેના મેનેજરે તે કામ ૪ દિવસમાં જ પૂરું કરવા કહ્યું. આ વખતે જેનિશે કેવી પ્રતિક્રિયા આપવી જોઇએ?

a. જેનિશે મેનેજરને કહેવું જોઇએ કે, આ કામ ૪ દિવસમાં પૂરું કરવું અશક્ય છે. તે ૧૦ દિવસમાં કામ પૂરું કરી આપશે.

b. જેનિશે તેના મેનેજરે આપેલ પડકાર સ્વીકારી ૪ દિવસમાં કામ પૂરું કરવા તનતોડ મહેનત કરવી જોઇએ.

34. You have planned a cultural event at your college. You have planned to set a wonderful stage for the inauguration. Your institute has allocated a dedicated fund for the stage decoration. During the final selection, you find that your team will need more human resources to set the stage, in addition to the current labourers. What will you do?

a. Train students for stage building and decoration

b. Request your institute to increase the allocated budget to hire more labourers

તમે તમારી કોલેજમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેના ઉદ્ઘાટન માટે એક સુંદર સ્ટેજ તૈયાર કરવાનું વિચાર્યું છે. તમારી કોલેજે સ્ટેજ-સજાવટ માટે ભંડોળ પણ ફાળવ્યું છે. છેલ્લે તમને એવું લાગે છે કે સ્ટેજ સજાવટ માટે અત્યારે જે માણસો છે તેના કરતાં વધુ માણસોની જરૂર પડશે. તમે શું કરશો?

a. સ્ટેજ તૈયાર કરવા અને તેના સુશોભન માટે વિદ્યાર્થીઓને તૈયાર કરશો.

b. મજૂરોને રાખવા માટે ફાળવેલ બજેટમાં વધારો કરવા તમારી કોલેજને વિનંતી કરશો.

35. Satya is currently studying at 9th standard. His schoolwork has moved online and he now studies at home all the time. He spends hours on his phone every day to keep himself entertained and to escape his boredom. He feels bad about it. What advice would you give him?

a. It is a tough time right now, spending more time on social media will allow you to pass time quicker. Search for posts that are positive and useful.

b. It is a tough time right now, so it is important to make sure we do not slip into harmful habits and lose control of our attention. So, limit the time in which you use social media.

સત્ય હાલમાં ૯માં ધોરણમાં અભ્યાસ કરે છે. તેનું શાળાકીય કાર્ય ઓનલાઈન ચાલે છે અને તે હવે આખો દિવસ ઘરે જ અભ્યાસ કરે છે. તે મનોરંજન અને કંટાળાને દૂર કરવા માટે રોજ ફોન પર કલાકો વિતાવે છે. આ ટેવથી તે પોતે પરેશાન છે. તમે તેને શું સલાહ આપશો?

a. અત્યારે કઠણ સમય છે, સોશિયલ મીડિયા પર વધુ સમય વિતાવવાથી તમે ઝડપથી સમય પસાર કરી શકશો. સકારાત્મક અને ઉપયોગી છે તેવી પોસ્ટ શોધો.

b. અત્યારે કઠણ સમય છે, તેથી આપણી એકાગ્રતા તોડે તેવી આ હાનિકારક ટેવથી દૂર રહીએ એ મહત્ત્વનું છે. તેથી, તમે સોશિયલ મીડિયાના ઉપયોગના સમયને મર્યાદિત કરો.

36. Anuj has an aspiration of becoming a credible IT consultant. He spends most of the time on his laptop and mobile to watch online certification training videos, track market trends, and to expand his professional network. However, this prevents him from spending much time with his family even though they live in the same household. His parents often complain about him being 'always stuck to his laptop and mobile'. How should Anuj evaluate his routine?

a. Anuj should keep his career as his prime focus. He should promise his parents that he will schedule them in some quality time for one weekend, next month. After his career is set, then he will make more time to spend with his family.

b. Anuj should schedule some quality time for his parents every week. He can continue working on his career, but it will not hurt him to take a break from his electronics now and again.

અનુજને વિશ્વસનીય આઇ.ટી. સલાહકાર બનવાની ઇચ્છા છે. ઓનલાઈન સર્ટિફિકેટ કોર્સના વિડીયો જોવા, બજારના વલણોથી માહિતગાર રહેવા અને તેના વ્યાવસાયિક નેટવર્કને વિસ્તૃત કરવા માટે તે મોટાભાગનો સમય તેના લેપટોપ અને મોબાઇલ સાથે વિતાવે છે. તેના કારણે તે પોતાના પરિવાર સાથે એક જ ઘરમાં રહેતો હોવા છતાં પૂરતો સમય વિતાવી શકતો નથી. તેના માતાપિતા ઘણી વાર ફરિયાદ કરે છે કે તે હંમેશાં તેના લેપટોપ અને મોબાઈલમાં વળગી રહે છે. અનુજે તેના દૈનિકક્રમનું મૂલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ?

a. અનુજે તેની કારકિર્દી ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેણે તેના માતાપિતાને વચન આપવું જોઈએ કે તે આવતા મહિને એક શનિ-રવિ તેમની સાથે વિતાવશે. તેની કારકિર્દી સેટ થયા પછી, તે તેના પરિવાર સાથે વધુ સમય પસાર કરશે.

b. અનુજે દર અઠવાડિયે તેના માતાપિતા માટે થોડો સમય કાઢવો જોઈએ. તે પોતાની કારકિર્દી માટે મહેનત ચાલુ રાખી શકે છે અને લેપટોપ અને મોબાઈલથી થોડા દૂર થવાથી તેની કારકિર્દીને કોઈ નુકસાન પહોંચશે નહીં.

37. Mira and Leela are both medical students who have decided to volunteer for the college blood drive. They were both scheduled to spend one-hour taking blood from the donors, before leaving for their summer vacation. But the organiser has requested them to stay two hours longer to help deal with the unexpected increase of donors. Mira and Leela both have different responses, which one from the following do you think is more appropriate?

a. Mira agrees to continue her seva as long as necessary.

b. Leela decides to leave as she has completed the time that was originally agreed upon.

મીરા અને લીલા બંને તબીબી વિદ્યાર્થીનીઓ છે, જેમણે કોલેજ બ્લડડ્રાઇવ માટે સ્વયંસેવક તરીકે સેવા કરવાનું નક્કી કર્યું છે. ઉનાળાના વેકેશનમાં જતા પહેલાં દાતાઓ પાસેથી લોહી લેવા માટે એક કલાક આપે તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ આયોજકે તેમને દાતાઓના અણધાર્યા વધારાને કારણે બે કલાક વધુ સમય રહેવાની વિનંતી કરી છે. મીરા અને લીલા બંનેના જુદા-જુદા પ્રતિભાવો છે, તમને નીચેનામાંથી કયો પ્રતિભાવ વધુ યોગ્ય લાગે છે? (Lecture –15)

a. જરૂર હોય ત્યાં સુધી તેની સેવા ચાલુ રાખવા માટે મીરા સંમત થાય છે.

b. પહેલેથી જેટલો સમય આપવાનું નક્કી કર્યું હતું તે સમય પૂરો થતાં લીલાએ ત્યાંથી નીકળી જવાનું નક્કી કર્યું.

38. You have organised an online quiz. Students across your state have registered for this quiz in huge numbers. You and the participants are excited to take part. But just before the quiz, the server crashes due to a technical fault. What would you do?

a. You will immediately report this error to the principal and ask a technical person to provide a solution. Till then you will postpone the quiz.

b. You will cancel the quiz because you doubt the capacity of the server. In the future, you will conduct the quiz with limited capacity.

તમે ઓનલાઇન-ક્વિઝનું આયોજન કર્યું છે. રાજ્યભરના વિદ્યાર્થીઓએ આ ક્વિઝ માટે મોટી સંખ્યામાં નોંધણી કરાવી છે. તમે અને બધા ભાગ લેનારા વિદ્યાર્થીઓ આ ક્વિઝ માટે ઉત્સાહિત છે. પરંતુ ક્વિઝની શરૂઆત થાય તે પહેલાં જ, ટેકનિકલ ખામીને કારણે સર્વર ક્રેશ થયું. તમે શું કરશો?

a. તમે આ ક્ષતિ(error)ની જાણ તરત જ આચાર્યને કરશો અને ટેકનિકલ વ્યક્તિ દ્વારા આ ક્ષતિ (error)નું સમાધાન ન થાય ત્યાં સુધી ક્વિઝ મુલતવી રાખશો.

b. તમે ક્વિઝને રદ્દ કરશો કારણ કે તમને સર્વરની ક્ષમતા પર શંકા છે. ભવિષ્યમાં, તમે મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને ક્વિઝમાં ભાગ લેવા દેશો.

39. As a student, you want to excel not just in your academics but your personal life too, should you....

a. Seek to build a strong network with your teachers and classmates.

b. Seek to build a strong network with classmates only, as teachers do not work in the industry, meaning that their knowledge is theoretically limited.

વિદ્યાર્થી તરીકે તમારે ફક્ત શૈક્ષણિક કારકિર્દીમાં જ શ્રેષ્ઠ પુરવાર નથી થવું, પણ તમારા વ્યાવસાયિક જીવનમાં પણ શ્રેષ્ઠ બનવું હોય તો...

a. તમારા શિક્ષકો તથા સહાધ્યાયીઓ સાથે એક મજબૂત સંબંધ બનાવો.

b. તમારા સહાધ્યાયીઓ સાથે જ મજબૂત સંબંધ બનાવો. કારણ કે, શિક્ષકો ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ નથી કરતા એટલે તેમને ફક્ત પુસ્તકિયું જ્ઞાન હોય છે.

40. Deepa is currently studying law at a world-renowned college in America. She has been asked to deliver a speech about gender equality at a regional student convention. Deepa is

passionate about her subject, but she is worried that the audience members will quietly mock her Indian accent and origin. She is mostly prepared for her speech, but with 3 days to go, this worry is still playing in her mind. What should she do?

a. Deepa should use these last few days to try and adopt a more American accent.

b. Deepa should focus on channeling her passion to her audience.

દીપા અત્યારે અમેરિકામાં આવેલી દુનિયાની પ્રખ્યાત કોલેજમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી રહી છે. તેને ક્ષેત્રિય વિદ્યાર્થી સંમેલનમાં જાતીય સમાનતા અંગે ભાષણ આપવા કહેવામાં આવ્યું છે. દીપા પણ ભાષણના વિષયને લઈને બહુ ઉત્સાહિત છે. પણ સાથે સાથે તેને એવી બીક પણ છે કે તેની બોલવાની ભારતીય શૈલીને કારણે પ્રેક્ષકગણમાં કોઇક મજાક પણ ઉડાવે. તેણે તેનું ભાષણ તો તૈયાર કરી લીધું છે અને હવે ફક્ત ત્રણ જ દિવસ બાકી છે, પણ પેલી ચિંતા હજુ તેને કોરી ખાય છે. તમે જણાવો કે તેણે શું કરવું જોઇએ?

a. દીપાએ આ છેલ્લા ત્રણ દિવસનો ઉપયોગ અમેરિકન ઢબ પ્રમાણેની અંગ્રેજી ભાષા બોલતાં શીખવા માટે કરવો જોઇએ.

b. દીપાએ ફક્ત તેના ભાષણને ધારદાર રીતે પ્રેક્ષક સમક્ષ રજૂ કરવા ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

****************************************